WE SERVE TO SAVE

પ્રતિ

ઇનવર્ડ નં.૧૮૭૧,તા.૦૭/૦૮/૨૦૨૧

બ્રાઇટબાર મેન્યુફેકચરીંગ કંપની
રે.સ.નં.૨૦૧/૧/૧/અ પૈકી,
સબ પ્લોટ નં.૩, મોજે.પીરામણ,
તા.અંકલેશ્વર, ગુજરાત.

વિષય:- ગુજરાત ફાયર પ્રિવેન્શન એન્ડ લાઇફ સેફટી મેઝર એકટ -૨૦૧૩ અન્વયે અત્રેથી ફકત અભિપ્રાય આપવા બાબત. **(Provisional NOC)**

સંદર્ભ:- ભરૂચ અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળ ના ક્રમાંક:બૌડા / અભિપ્રાય-
ફા.નં.૬૫૬/વશી/૬૬૧ થી ૬૧૨ ,તા.૧૪/૦૬/૨૦૨૧ ના અરજદારશ્રી **બ્રાઇટબાર મેન્યુફેકચરીંગ કંપની, રે.સ.નં.૨૦૧/૧/૧/અ પૈકી,સબ પ્લોટ નં.૩, મોજે.પીરામણ, તા.અંકલેશ્વર, ગુજરાત** વાળી જમીન ની રહેણાંક અને વાણિજય હેતુની અરજી અન્વયે,

સવિનય ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે ના પત્ર અનુસંધાને જણાવવાનું કે અરજદારશ્રી **બ્રાઇટબાર મેન્યુફેકચરીંગ કંપની, રે.સ.નં.૨૦૧/૧/૧/અ પૈકી,સબ પ્લોટ નં.૩, મોજે.પીરામણ, તા.અંકલેશ્વર, ગુજરાત** ની રહેણાંક અને વાણિજય હેતુ ની બિલ્ડીગ **એ, ડી,** (ગ્રાઉન્ડ ફલોર + ૦૫ માળ) **બી–૧ + બી–૨ + બી–૩, સી–૧ + સી–૨ + સી–૩,** (બેસમેન્ટ + ગ્રાઉન્ડ ફલોર + ૦૫ માળ) કુલ ૧૮.૯૦ મીટર ઉંચાઇ ધરાવતી રહેણાંક અને વાણિજય હેતુની ઇમારતમાં ગુજરાત પ્રિવેન્શન એન્ડ લાઇફ સેફટી મેઝર એકટ -૨૦૧૩ અન્વયે સ્પ્રીન્કલર ઇનસ્ટોલ કરવાના રહેશે. તેમજ મેઇન ઇલેકટ્રીકલ પંપ, જોકી પંપ ડ્રોઇંગમાં તેમજ ડીઝલ પંપ ડ્રોઇંગમાં તેમજ ફીજીકલ ગ્રાઉન્ડ લેવલે ઇનસ્ટોલેશન કરેલ હોવો જોઇએ .

ઉપરોકત સંદર્ભે જરૂરીયાત મુજબનો સ્ટેરકેસ (દાદર) ૧.૫૦ મીટર ની પહોળાઇ સહીતનો અને બંને સાઇડનો પેસેજ ખુલ્લો હોવો જોઇએ. દરેક માળે પેરાપેટ વોલ ઉપર ૦૨ મીટર ની હાઇટ ઉપર હવા ઉજાસ થઇ શકે તે મુજબ હોવુ જોઇએ. તેમજ ઇમારત પ્રિમાઇસીસમાં ૪૦ ટન ધરાવતુ ફાયર વાહન સંપુર્ણ ઇમારત બિલ્ડીગ પ્રિમાઇસીસમાં પ્રવર્તમાન તમામ GDCR ની જોગવાઇ મુજબ ચારે બાજુ ફરી શકે તેવું હોવુ જોઇએ અને પ્રિમાઇસીસ ની ગેટ એન્ટ્રી બંને સાઇડ ૦૬ મીટર કે તેથી વધુ હોવી જોઇએ.

સંપુર્ણ રહેણાંક અને વાણિજય હેતુ ઇમારતમાં ફાયર સેફટી અને પ્રોટેકશન ઇકવીપમેન્ટ કાયમી ધોરણે ફીકસ લગાડયા બાદજ આપના લેવલેથી ફાયર સર્વિસ વિભાગનાં ઓફીસરનાં ઇન્સપેકશન કર્યા બાદ એન.ઓ.સી.આપવા ભલામણ છે. આ અભિપ્રાય ની સમય મર્યાદા ઇસ્યુ કર્યા થી <u>**એક વર્ષ**</u> સુધી વેલીડીટી રહેશે.

બી.બી.ગઢવી
રીજનલ ફાયર ઓફીસર
સુરત

જાવકનં/અભિપ્રાયનં. ૧૬૪૮
તા.૦૭ - ૦૮ - ૨૦૨૧

નકલ રવાના... મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ભરૂચ-અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળ, પ્રતિ

REGIONAL FIRE OFFICER (SOUTH) SURAT

ક્રમાંક. જમિ. ૧૨૧૯.
તાલુકા પંચાયત કાર્યાલય
મહેસુલી શાખા
અંકલેશ્વર તા. ૧૯-૬-૬૭

વાંચ્યો: ૧- પ્રાઇટ બાર મેન્યુફેક્ચરીંગ કું. ના પાર્ટનર શ્રી એલ. બી. ઈંગટ ની તા. ૯-૧-૬૫ ની સ. નં. ૨૦૧-૧-૧અ ની જમીનમાં કારખાનું ખોલવા ~~[illegible]~~ માટે બિનખેતી સિવાયની પરવાનગી માંગતી અરજ ગુજારેલી છે.

તા. ૧૨-૧-૬૫ ૨. સર્કલ ઇન્સ્પેક્ટરના રી. નં. ૭૩૦ તા. ૬-૫-૬૫ થી પરવાનગી આપતાં અગાઉના ખેતી સિવાયનું કૃત્ય કરેલ છે.

૩. આર. આર. ડી. પી. આર. ડી. ૧૦૫૭ સી. તા. ૨૮-૬-૬૭

આ દે શ

પારીમલ તાલુકે અંકલેશ્વરની સીમના સ. નં. ૨૦૧-૧-૧અ એ. ૬-ગુ. ૦૦ જમીન ઔદ્યોગિક હેતુ ખેતી સિવાયનો એટલે કે, કારખાનું અને મજુરોને રહેવાના મકાનો માટે તા. ૯-૧-૬૫ના રોજ અરજ કરી છે છતાં પરંતુ મજકુર કંપનીને પરવાનગી આપતા પહેલા ખેતી સિવાયનું કૃત્ય કરવામાં આવેલું છે જે કામ રેગ્યુલાઇઝ કરી આપવા મજકુર કંપનીએ અત્રે અરજી કરી છે.

અરજદાર મજકુર કંપનીએ પોતાની માલીકીની જમીનમાં ખેતી સિવાયની પરવાનગી નું કામ કાયમને માટે રેગ્યુલાઇઝ કરવા અરજ કરી છે.

પ્રસ્તુત કામના કાગળો જોતાં સ. નં. ૨૦૧-૧-૧ અ એ. ૬-ગુ-૦૦ પૈકી પ્રકરણે સામેલ કરેલ તારીખ વિનાના સર્કલ ઇન્સ્પેક્ટર અંકલેશ્વરે પાડેલ નકસામાં નીચે જણાવેલ મજબના બાંધકામને માટે રેગ્યુલાઇઝ નીચેની શરતોને આધીન રહી પરવાનગી આપવામાં આવે છે.

નકસાના બાંધકામની વિગત.

જાંબુડી રંગથી બતાવેલ ૧૧૩ x ૩૦ = ૪૪૫ સમચોરસ વાર જમીનમાં ગોડાઉન.

તપખીરીયા રંગથી બતાવેલ ૨૪ x ૧૬ = ૪૩ સમચોરસ વાર જમીનમાં જાજરૂ.

પીળા ~~પોપટી~~ રંગથી બતાવેલ ૧૨૪ x ૭૧-૬ = ૯૮૫ સમચોરસ વાર જમીને ફેક્ટરી.

ભુરા ~~પોપટી~~ રંગથી બતાવેલ ૪૩. - ૪૫ ૪૦-૧૦ = ૧૯૭ સમચોરસ વાર જમીનમાં ~~[illegible]~~ પેકીંગ રૂમ.

ઘેરા લાલ રંગથી બતાવેલ ૪૩. ૪૫ ૪૦-૧૦ - ૧૯૭ સમચોરસવાર જમીનમાં ઓફીસ.

લીલા રંગથી બતાવેલ ૨૯ x ૯ - ૧૧૭ સમચોરસ વાર જમીનમાં ગેસ્ટહાઉસ.

પેન્સીલના આછા કાળા રંગથી બતાવેલ ૩૩ x ૨૪ = ૧૩૯ સમચોરસ જમીનમાં ટાંકી.

▨ ચોરસમાં બે ઉભી લીટીવાળી નિશાની બતાવેલ ૨૨ x ૧૨ = ૯ સમચોરસવાર જમીનમાં ફોરમેન રૂમ.

□ પેન્સીલથી લંબચોરસ બતાવેલી ૧૨૦ x ૧૨૪ - ૧૬૫૪ સમચોરસવાર જમીનમાં સૌચાયા માટે ખુલ્લી જગ્યા રાખવામાં આવેલી છે આ સિવાયની બાકી રહેલી જગ્યા ખેતી સિવાયના કામ માટે ખુલ્લી રાખવા જોગ છે મજકુર ખાલી જગ્યામાં બાંધકામ કરવું હશે તો પ્રથમથી અત્રેથી પરવાનગી લેવાની રહેશે.

ઉપરોક્ત જણાવ્યા મુજબ કુલ- ૨૯૦૪૦ સમચોરસવાર વિસ્તારની જમીનમાં બીન ખેતીનો ઉપયોગ કરવા માગે છે આજુ બાજુના સર્વે નંબરો અને પીરામણ ગામના પંચોને ઉપરોક્ત ખેતી ~~ઉપયોગ કરવા માગે છે આજુબાજુના સર્વે નંબરો અને પીરામણ~~ સિવાયની પરવાનગી આપવામાં આવે તો વાંધો નથી.

મજકુર પ્રાઇટ વાર મેન્યુફેક્ચરીંગ કંપની નેશનલ હાઇવેના મધ્ય બિંદુથી ૨૨૦ ફુટ અંતર છોડી બાંધકામ કરવાની છે આ અંગે એક્ઝીક્યુટીવ એન્જીનીયરીંગ નેશનલ હાઇવે ડીવીઝન ભરૂચે તેમના ક્રમાંક સા/વા. ૨૦ તા-૨૭-૧-૬૫ થી ૨૨૦ ફુટ અંતર છોડી બાંધકામ કરવાનું જણાવેલ છે બીની જમીન મહેસુલ કાયદાની કલમ ૬૫ ની નિયંત્રણ રેખાની અેલોલોજીમાં નામદાર સરકારશ્રીના જી આર!આર!ડી!પી!આર! ડી!૧૦૫૯ તા! તા-૨૮-૬-૫૯ અનુસાર મજકુર કંપનીની અરજી તા-૮-૪-૬૫ ની હોવાથી રેખા નિયમન ધારા ; જમીન પટ્ટી વિકાસના ધોરણે ભંગ થતો નથી.

અરજદાર મજકુર કંપની કારખાનું તૈયાર કરેલું હોવાથી તેઓ જમીન મહેસુલ કાનુનોના કાનુન : ૮૧ :૩: મુજબ વિશેષ બિનખેતી ધારો ભરવાને પાત્ર થાય છે મજકુર કંપની સદરહુ બિનખેતી વિશેષ ધારો ભરવા ખુશી છે એવી મતલબનો તેમણે તા-૨૩-૩-૬૭ ના રોજ લેખીત જવાબ આપ્યો છે

આ કામે સર્કલ ઇન્સ્પેક્ટરના તારીખ બિનાના નકશામાં જણાવેલ જમીનમાં કુલ-૨૯૦૪૦ સમચોરસવાર જમીનમાં બીન પરવાનગીએ ખેતી સિવાયનું કૃત્ય કરેલ છે જે કાયદાની વિરુધ્ધ હોય, જેથી અરજદારે મજકુર કંપની લેન્ડ રેવન્યુના નિયમોના નિયમ ૧૦૦ મુજબ દંડને પાત્ર થાય છે અને લેન્ડ રેવન્યુ કોડની કલમ ૪૮ મુજબ ખેતી સિવાયનો આકાર નક્કી કરવાની સત્તા મુલ્કી ખાતાને છે મુલ્કી ખાતા તરફથી જે ખેતી સિવાયનો આકાર નક્કી થાય તેના ચાર પટ દંડની ગણતાં જેટલો દંડ થાય તે દંડ ભરવાની શરતે ખેતી સિવાયનું કૃત્ય કાયમને માટે રેગ્યુલાઇઝ કરી આપવા નીચેની શરતોને આધીન રહી પરવાનગી આપતો હુકમ કરવામાં આવે છે

<u>શ ર તો.</u>

:૧: જે હેતુ માટે ખેતી ~~સિવાયનો~~ સિવાયનો ઉપયોગ કરવાની પરવાનગી આપવામાં આવે છે તે જ હેતુ માટે સદરહુ જમીનનો ઉપયોગ કરવો પડશે. અને સદરહુ ઉપયોગ સિવાયનો બીજો કોઈ ઉપયોગ કરવો હશે તો તે માટે તાલુકા વિકાસ અધિકારીશ્રી ~~[illegible]~~ પુર્વ મંજુરી મેળવવી પડશે.

:૨: રેખા નિયમન ધારામાં જણાવેલ જોગવાઇને આધીન રહી બાંધકામ કરવાનું રહેશે.

:૩: ઉપરોક્ત અરજદારનો બિનખેતી વિશેષધારો અધિકૃત મુલ્કી અધિકાર તરફથી નક્કી થશે ને તે મુજબ પ્રતિ વરસે સરકારશ્રીમાં જમા કરાવવો પડશે.

:૪: પરવાનગી ગણોત ધારાની જોગવાઇને આધીન રહેશે.

:૫: પરવાનગીની શરતો વિરુધ્ધ બાંધેલા અથવા વધારાના કોઇપણ મકાન અથવા ઇમારતને જે જીલ્લા વિકાસ અધિકારીશ્રી ભરૂચ ઠરાવે તે મુદતમાં અથવા જીલ્લા વિકાસ અધિકારી સાહેબ ભરૂચ સુચવે તે મુજબ ફેરફાર કરવા ખાતેદાર બંધાયેલ રહેશે અને જો તાલુકા વિકાસ અધિકારીશ્રી ~~[illegible]~~ થવા કોઇ પણ બાંધકામ અથવા ઇમલતને દુર કરાવવાને અને તેમ કરવામાં જે ખર્ચ થાય તે રકમ ખાતેદાર પાસેથી જમીન મહેસુલની બાકી પ્રમાણે વસુલ કરવાને મુખત્યાર છે

એક્ઝીક્યુટીવ ઓફિસર, તા. વિ. અધિકારીશ્રી ભરૂચ

:૬: અરજદારે હુકમની તારીખથી ત્રણ માસની અંદર ખેતી સિવાયની પરવાનગી અનુસાર સરકારશ્રીના નિયત નમુનામાં સનંદ મેળવી લેવી પડશે.

:૭: ખાતેદાર કંપની ઉપર જણાવેલી કોઇ શરતનો ભંગ કરશે તો આપેલી પરવાનગી રદ કરવામાં આવશે અને જમીન મહેસુલ કાયદાની કલમ અને ~~અને જમીન મહેસુલ કાયદાના~~ કાનુનોને અનુસાર કોઇ પણ શિક્ષાને પાત્ર ગણી જમીન ઉપરથી ખાતેદારને કોઇ પણ જાતનું વળતર આપ્યા સિવાય સંક્ષિપ્ત રીતે દુર કરવામાં આવશે.

:૮: માપણી અંગેનો તમામ ખર્ચ ખાતેદાર કંપનીએ ભોગવવાનો રહેશે.

:૯: બિનખેતીધારો દર વરસે સરકારશ્રીમાં જમા કરાવવાનો રહેશે.

(signature)
(રામ. કૃષ્ણ. પટેલ)
તાલુકા વિકાસ અધિકારી

નકલ કાગળો સહિત રવાના :- મામલતદારશ્રી અંકલેશ્વર તરફ
:- આ કામે મહેસુલના કાનુન ૮૧:૩ મુજબ ઉચ્ચક દરનો વિશિષ્ટ ધારો તથા જમીન મહેસુલ કાયદાની કલમ ૪૮ મુજબ આકારની ફેરી કરવા સારૂ તથા ગામના અને તાલુકાના જે તે નમુનામાં નોંધ કરવા સારૂ.

નકલ સવિનય સહ રવાના :- જીલ્લા વિકાસ અધિકારીશ્રી ભરૂચ મહેસુલી અને મહેકમશાખા તરફ જાણ સારૂ.

નકલ સલામ સહ રવાના :- ડી. આઇ. એલ. આર. શ્રી ભરૂચ તરફ જાણ સારૂ.

નકલ રવાના તલાટી-કમ-મંત્રી પારામણ તરફ જાણ સારૂ તથા ગામના જે તે નમુનામાં નોંધ રાખવા સારૂ.

નકલ અરજદારને સહ રવાના શ્રી. સેલ વા. ઇંગટા મેનેજરશ્રી પ્રાઇટબાર મેન્યુફેક્ચરીંગ કંપની અંકલેશ્વર તરફ જાણ સારૂ.

: દેશાઇ:

ક્રમાંકઃ તા.પં./ભમિ/બેસિ/રી.પ્લાન/વશી/૫/૦૩–૦૪
જીલ્લા પંચાયત કાર્યાલય,
મહેસુલ શાખા,
ભરુચ. તા. ૨૨/૧/૨૦૦૪

વાંચ્યોઃ–

(૧) તા.વિ.અ.શ્રી અંકલેશ્વરનાં હુકમ ક્રમાંકઃ તા.પં./ભુમિ/૧૨૧૮ તા. ૧૬–૬–૬૭ થી મોજેઃ પીરામણ તા.અંકલેશ્વરનાં સ.નં. ૨૦૧/૧/૧–અ પૈકી ની ૬ એકર જમીનમાં કારખાના તથા મજુરોનાં રહેણાંક મકાનોનું બીન અધિકૃત કરેલ બાંધકામ નિયમીત કર્યાનો હુકમ.

(૨) અરજદારશ્રી બ્રાઈટબાર મેન્યુ ફ્રા.લી પીરામણ, તા. અંકલેશ્વરની રી.પ્લાન મંજુર કરવા તા. ૧૨–૯–૨૦૦૩ ની અરજી.

(૩) તાલુકા વિકાસ અધિકારીશ્રી અંકલેશ્વરએ તેઓનાં પત્ર ક્રમાંકઃ તા.પં./ભુમિ/રી.પ્લાન તા. ૧૭–૧૦–૨૦૦૩ તથા શેરા ક્રમાંકઃ તા.પં./ભુમિ/ખેસિ/તા. ૬–૧૨–૦૩ થી રજુ કરેલ કાગળો.

(૪) જિલ્લા પંચાયત ભરુચની તા. ૨૨–૧૨–૨૦૦૩ ની કારોબારી સમિતિનાં ઠરાવ નં. ૩૯૪

(૫) જમીન મહેસુલ કાનુન–૬૭ તથા જમીન મહેસુલ નિયમોની જોગવાઈઓ.

(૬) અજદારશ્રીએ શરતભંગના ૪૦ પટ દંડની રકમ રૂા. ૬૦,૦૦૦/– તથા રુપાંતર વેરાના રૂા. ૧,૧૭,૩૬૬/– તથા રસ્તા ડીપાઝીટનાં રૂા. ૧૦૦૦/–,જમીનની માપણી ફીનાં રૂા. ૧૨૦૦/– તથા ચાલુ વર્ષનો બીનખેતી આકાર રૂા. ૧૨,૧૪૭–૦૦ તથા તેને આનુસાંગિક તમામ કરવેરાઓ સરકારશ્રીમાં જે તે સદરે ચલનથી તથા ગામ દફતરે રસીદથી તા. ૨ / ૧૨ / ૨૦૦૪ નાં રોજ જમા કરાવ્યાનાં રજુ કરેલ ચલનો તથા રસીદો તા. ૨ / ૧ / ૨૦૦૪.

હુ ક મઃ–

મોજેઃ પીરામણ તા. અંકલેશ્વરનાં સ.નં. ૨૦૧/૧/અ પૈકીની કુલ ૨૯૦૪૦ ચો.વાર જમીનમાં કારખાનુ તથા મજુરોનાં રહેણાંકનાં હેતુ માટે કરેલ ખેતી સિવાયનો બીન અધિકૃત ઉપયોગ કરવા બદલ નિયમબધ્ધ કરી આપવાનો આમુખ–૧ અન્વયેથી હુકમ કરવામાં આવેલ હતો. જેની નોંધ ગામ ન.નં.૨ માં નં. ૨૪૭૪ થી કરવામાં આવી છે.

આમુખ–૨ થી મોજેઃ પીરામણનાં બ્રાઈટબાર મેન્યુ ફ્રા.લી.પીરામણ તા. અંકલેશ્વરના ગામની સીમમાં આવેલ સ.નં.૨૦૧/૧/અ ની કુલ ૨૪૨૮૧ ચો.મી. જમીનમાં રહેણાંક ,ઓફિસ અને શોપના હેતુ માટે રીવાઈઝડ પ્લાન મંજુર કરવા અરજી કરેલ છે.

નગર નિયોજકશ્રી, ભરુચએ તેઓનાં પત્ર ક્રમાંકઃ બીપી/પીરામણ/અંકલેશ્વર/૧૨૪૧/ તા. ૧૦–૯–૨૦૦૩ થી જણાવ્યા અનુસાર પત્રમાં જણાવેલી શરતો નં.૧ થી ૧૯ ને આધિન રહીને રીવાઈઝડ લે–આઉટ પ્લાન નકશા મંજુર કરવા માટે ભલામણ કરી છે.

કાર્યપાલક ઈજનેરશ્રી ઉકાઈ જમણાંકાંઠા નહેર સંશોધન વિભાગ,અંકલેશ્વરે તેઓનાં પત્ર ક્રમાંકઃ પીબી/૨/બીનખેતી/વશી/૩૧૦૭/ તા. ૨૪–૧૧–૦૩ થી જણાવ્યા અનુસાર સવાલવાળી જમીન અત્રેની કચેરીને નહેર સિંચાઈ વિસ્તારની બહાર આવેલ છે. તેમ જણાવી નિયત શરત નં.૧ થી ૮ (સામેલ) આધિન રહીને જણાવેલ છે.

કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, ભરુચએ તેઓનાં પત્ર ક્રમાંકઃ સીબી/૨/બીનખેતી/ પીરામણ/ ૨૦૧/૫૮૪૪/તા. ૨૪–૧૧–૨૦૦૩ થી જણાવ્યા અનુસાર સવાલવાળી જમીનમાં સુચિત રહેણાંક મકાનો અને દુકાનો જુના રા.ધો.માર્ગ નં.૮ ના કી.મી. ૨૦૨/૮ થી ૨૦૩ માં વિકસીત વિસ્તારમાં રસ્તાના મધ્યબિંદુથી ૩૬.૫૦ મીટરના અંતરે પત્રમાં જણાવેલ સામેલ શરત નં.૧ થી ૧૦ ને આધિન રહીને બાંધકામ કરવા જણાવેલું છે.

ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી ઓ.એન.જી.સી. અંકલેશ્વરે તેઓનાં પત્ર નં. જ.સં./ખેસિ/ વશી/ ૩૪૦૪/ તા. ૩–૧૦–૨૦૦૩ થી જણાવ્યા અનુસાર સવાલવાળી જમીન હાલ સંપાદન હેઠળ નથી. જેની અત્રેનાં રેકર્ડથી ખાત્રી કરવામાં આવેલ છે. એમ જણાવી " ના વાંધા પ્રમાણપત્ર " આપેલ છે.

મદદનિશ મેનેજરશ્રી (જમીન) જી.આઈ.ડી.સી. ગાંધીનગરનાં પત્રાંકઃ જમીન/બીખે/પીરામણ/ તા.૨૧ / ૧ /૦૪ થી નિયત શરતોને આધિન રહી પરવાનગી આપવા વાંધો નથી. તેમ જણાવેલ છે.

નાયબ ઈજનેરશ્રી,(રુરલ) ગુ.વિ.બોર્ડ, અંકલેશ્વરએ તેઓનાં પત્ર ક્રમાંકઃ અંકલેશ્વર/રુરલ/ટિક/ ૫૨૧૮/તા. ૨૮–૧૧–૦૩ થી તથા કાર્યપાલક ઈજનેરશ્રી (સં.નિ.)ગુ.વિ.બોર્ડ અંકલેશ્વરનાં તા. ૮–૧–૦૪ નાં પત્રથી જણાવ્યા અનુસાર સવાલવાળી જમીનમાંથી ટ્રાન્સફોરમ તથા એચ.ટી.લાઈન પસાર થતી હોય,ઈલેક્ટ્રીક રુલ્સ ૧૯૫૬ મુજબ અંતર રાખી બાંધકામ કરવા જણાવેલ છે. તેમ જણાવી " ના વાંધા પ્રમાણપત્ર " આપેલ છે.

નાયબ કલેકટરશ્રી અંકલેશ્વરએ તેઓનાં તા. ૧૩–૧૦–૦૩ નાં પત્ર નંબર : જ.સં./વશી/૩૫૮૯ થી જણાવ્યા મુજબ સવાલવાળી જમીનની સંપાદન કાર્યવાહી ચાલતી ન હોવાનું જણાવેલ છે.

ડીવીઝનલ રેલ્વે મેનેજરશ્રી, (વર્કસ) વેસ્ટર્ન રેલ્વે , પ્રતાપનગર વડોદરાએ તા. ૨–૧–૦૪ નાં પત્રાંક: ડબલ્યુ–૩૩૮ (૪) ૧૬૭૨ (ડબલ્યુ–૧) થી જણાવ્યા મુજબ બાંધકામ સામેલ શરત નં.૧ થી ૧૪ ને આધિન રહીને ચુસ્ત રીતે અમલ કરવા જણાવેલ છે.

તાલુકા વિકાસ અધિકારીશ્રી,અંકલેશ્વરે આમુખ–૩ માં જણાવેલ પત્રો અનુસાર સવાલવાળી જમીનમાં રહેણાંકના મકાનો, શોપ અને ઓફિસનું બાંધકામ કરવા રી.પ્લાન મંજુર કરવા ભલામણ કરી છે. આ કામે સુચિત સર્વે નંબરમાં રી.પ્લાન મંજુર કરતા પૂર્વે શોરુમ અને કાચાપાકા મકાનોનું બાંધકામ કરેલ હોય, સર્કલ ઈન્સ્પેકટર તા.પં. અંકલેશ્વર રુબરુ આપેલ તા. ૭–૧૦–૦૩ ના જવાબમાં જણાવ્યા મુજબ જે કાંઈ દંડ થાય તે ભરવા કબજેદારશ્રીએ સંમતિ આપેલ હોય, તે મુજબ કબજેદારશ્રીએ મજકુર સુચિત સર્વે નંબરની કુલ – ૩૦૦૦ ચો.મી. જમીન માટે કરેલ બાંધકામ બદલ શરતભંગ થતો હોય,જ.મ. કાનુન ૬૭ તથા જ.મ. નિયમોની જોગવાઈ હેઠળ મહત્તમ ૪૦ પટ દંડ વસુલ લેવાને પાત્ર થાય છે.

જીલ્લા પંચાયત ભરુચની આમુખ–૪ માં જણાવેલ કારોબારી સમિતિએ ઠરાવ નંબર– ૩૯૯ થી મંજુરી આપેલ છે.

સબબ આ કામે અરજદાર શ્રીધી બ્રાઈટબાર મેન્યુ.કું.લી. પીરામણ તા. અંકલેશ્વરને નીચે જણાવેલ સ.નં.ની જમીનમાં જ.મ.કાનુન–૬૭ હેઠળ શરતભંગ બદલ ૪૦ પટ દંડની રકમ લેવા સહીત નીચે જણાવેલ શરતોને આધિન રહીને તમામ શરતો પાળવાની શરતે રહેણાંકનાં મકાનો શોપ્સ તથા ઓફિસ બનાવવાનાં હેતુ માટે રીવાઈઝડ પ્લાન મંજુર કરી બીનખેતીનો ઉપયોગ કરવા પરવાનગી આપવા આથી હુકમ કરવામાં આવે છે.

નંબર	ગામનું નામ	સર્વે નંબર	હે.આ.પ્રઆ	આકાર રૂા. પૈસા	ચોરસ મીટર	જમીનનો સત્તા પ્રકાર
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	મોજે: પીરામણ તા.અંકલેશ્વર	૨૦૧/૧/અ પૈકી	૨–૨૪–૮૧	૨૫–૮૧	૨૪૨૮૧ ચો.મી.	જુની શરતની.

શ ર તો :–

(૧) આ સાથે સામેલ કર્યા મુજબ નગર નિયોજકશ્રી, ભરુચએ તેઓનાં પત્ર નંબર: બીપી/પીરામણ/અંકલેશ્વર / ૧૨૪૧/ તા. ૧૦–૯–૦૩ થી જણાવ્યા અનુસાર પત્રમાં જણાવેલી શરત નં.૧ થી ૧૯ ને આધિન રહીને મંજુર કરેલ રી.પ્લાન કે જે સર્કલ ઇન્સ્પેકટરશ્રી, તાલુકા પંચાયત અંકલેશ્વર તથા તાલુકા વિકાસ અધિકારીશ્રી, અંકલેશ્વરે ખાત્રી કર્યા અનુસાર જે તે મુજબનું વિગતે તથા ડીવીઝનલ રેલ્વે (વર્કસ) વડોદરાએ નકકી કરેલ શરતોને આધિન તા. ૨–૧–૦૪ થી મંજુર કર્યા મુજબનું બાંધકામ કરવાનું રહેશે. જેમાં નિર્દેશ કર્યા મુજબ ખુલ્લી જગ્યા કોમન પ્લોટ, રસ્તા, જોગવાઈ તથા આવવા–જવાના એપ્રોચ રસ્તા, પાર્કીંગ જગ્યા

તથા હદમાર્જીન રાખવાનાં રહેશે.તાલુકા વિકાસ અધિકારીશ્રી, અંકલેશ્વરનાએ સુચવ્યા મુજબ મંજુરી મળતા પૂર્વે અરજદારશ્રીએ સવાલવાળી જમીન પૈકી ૩૦૦૦ ચો.મી. જમીનમાં શોરુમ તથા કાચુ પાકું અન્ય કરેલ બાંધકામ, જો પ્લાન વિરુધ્ધનું હોય તો તે હુકમની તારીખથી એક માસમાં દુર કરવા તથા હુકમ કર્યા બાદથી તે બાંધકામ યથાવત સ્થિતિમાં રાખે તો અપાયેલ પરવાનગી આપોઆપ રદ થશે અને તેઓને બંધનકર્તા રહેશે.

(૨) મંજુર કરેલ પ્લાન મુજબ રેખા નિયમન ધારાની જોગવાઈઓ મુજબ બાંધકામ કરવાનું રહેશે. તેમ છત્તાં જો રેખા નિયમન ધારાનો ભંગ થાય તો ,અરજદારશ્રીનાં ખર્ચે અને જોખમેદુર કરાવાશે. અને થનાર ખર્ચ જમીન મહેસુલની બાકી તરીકે અરજદારશ્રી પાસેથી વસુલપાત્ર થશે.

(૩) સદર હુકમની તારીખથી છ માસમાં બાંધકામ શરુ કરી ૨ વર્ષ સુધીમાં તે પુર્ણ કરવા તથા બાંધકામ શરુ થયેથી એક માસમાં પરવાનગી આપનાર ઓથોરીટીને જાણ કરવાની રહેશે. બાંધકામ શરુ કરતાં પુર્વે સ્થાનિક ગ્રામ પંચાયત પીરામણની મંજુરી મેળવ્યા બાદજ બાંધકામ શરુ કરવું.

(૪) જે હેતુ માટે બીનખેતીની પરવાનગી/રી.પ્લાનની મંજુરી આપી છે. તે જ હેતુ માટે ઉપયોગ કરવો. તે સિવાય જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જીલ્લા પંચાયત, ભરુચની પુર્વ મંજુરી મેળવવી.

(૫) શરત નં.૧ મુજબ નગર નિયોજકશ્રી ભરૂચ ધ્વારા મંજુર કરેલ પ્લાન મુજબ અવરોધકરુપ ન બને તે રીતે ખુલ્લી જગ્યામાં વૃક્ષારોપણ કરવાનું રહેશે.

(૬) આવવા–જવા માટે માર્ગ, ચાલ–નિકાલ માર્ગ, વરસાદી પાણી નિકાલ વ્યવસ્થા, જરુરીયાત કિસ્સામાં નાળુ બાંધવાની તેમજ ગંદા પાણી નિકાલ વ્યવસ્થા ઉપરાંત વરસાદી પાણી જમીનમાં ઉતારવાની વ્યવસ્થા અરજદારશ્રી કરવા બંધાયેલા રહેશે.સવાલવાળી જમીનનો

(૭) શરત નંબર–૧ થી મંજુર કરેલ પ્લાનમાં જણાવ્યા મુજબ , કોમન પ્લોટની માલીકી જમીનના તમામ પ્લોટ હોલ્ડરોની ગણાશે. તે જગ્યાનો સહીયારો ઉપયોગ જેવો કે ઓફીસ મકાન, કલબ સહકારી ભંડાર જેવા સાર્વજનિક ઉપયોગ હેતુસર કરવાનો રહેશે.

(૮) સુચિત જમીનની જગ્યામાં કંમ્પાઉન્ડવોલની ઉચાઈ જમીનતળથી ૧.૦૫ મીટરથી વધુ નહી તથા મકાનોની પ્લીન્થ (બાંધકામની) જમીનની સપાટીથી ૦.૬૦ મીટર રાખવી, બાંધકામ ઉચાઈ ૧૩ (તેર) મીટર કરતાં વધુ રાખી શકાશે નહી.

(૯) બાંધકામ કરતી વેળાએ સલામતી જોખમાય નહી તથા ધરતીકંપ પ્રતિરોધક જોગવાઈઓનું પાલન કરવું. અધિકૃત કરાયેલ સ્ટ્રકચરલ ઈજનેરશ્રી, કન્સલટન્ટશ્રી પાસે ખરાઈ કરાવ્યા બદલનું પ્રમાણપત્ર મેળવીને તેમાં જણાવેલ શરતોનું પાલન કરવું. તથા રૂા. ૫૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર અધિકૃત રુબરુ જરુરી બાંહેધરી અત્રે રજુ કરવાની રહેશે. બાંધકામમાં સહેલાઈથી સળગી ઉઠે તેવા સ્ફોટક પદાર્થોનો ઉપયોગ કરવાનો રહેશે નહીં. ફાયર સેફ્ટી અંગે વ્યવસ્થા ગોઠવવાની રહેશે.

(૧૦) જી.આઈ.ડી.સી. વસાહતની અન્ય કોઈપણ આનુસાંગિક સુવિધાઓ તથા વીજ પુરવઠો પુરો પાડતા ફીડરમાંથી વીજળી પુરવઠો મેળવવા હકકદાર રહેશે નહી.

(૧૧) સુચિત જમીનમાંથી ગુજરાત વિદ્યુત બોર્ડની લાઈન, કે ગેસ લાઈન કે અન્ય જો કોઈ લાઈન પસાર થતી હશે તો સુચવ્યા મુજબ નિયમોને આધિન રહી જગ્યા છોડી બાંધકામ કરવાનું રહેશે.

(૧૨) કોમન પ્લોટ, પાર્કીંગ, રસ્તો, ખુલ્લી જગ્યા, હદ માર્જીનની જમીન વિ.નો બીનખેતી આકાર કબજેદારશ્રીએ ભરવાની રહેશે. પરંતુ પ્લોટ વેચાણ બાદથી પ્લોટ હોલ્ડરોની જવાબદારી ગણાશે.

(૧૩) સવાલવાળી જમીનની જુના અંકલેશ્વર રા.ધોરી માર્ગ રસ્તાના કી.મી. ૨૦૨/૮ થી ૨૦૩/૦૦ માં વિકસીત વિસ્તારમાં રસ્તાના મધ્યબિંદુથી ૩૬.૫૦ મીટર દુરના અંતર છોડી બાંધકામ કરવાનું રહેશે.

(૧૪) હુકમની તારીખથી કબજેદારે ત્રણ માસમાં માપણી કરાવી લેવી.તેમાં ફેરફાર થશે તો ફેરફારને આધિન રહેશે.

(૧૫) પરવાનગીની શરતો વિરુધ્ધ બંધાતા તથા વપરાતા કોઈપણ ઈમલાને જિલ્લા વિકાસ અધિકારીશ્રી ઠરાવે તે મુજબ દુર કરવા અરજદારશ્રી બંધાયેલા રહેશે.અને તેમાં ચુક થશે તો તે દુર કરાવવા થનાર ખર્ચ જમીન મહેસુલની બાકી તરીકે અરજદારશ્રી પાસેથી વસુલ કરવાને પાત્ર રહેશે.

(૧૬) સવાલવાળી જમીનમાંથી ગુજરાત વિદ્યુતબોર્ડ અંકલેશ્વરની ભારે/હલકા દબાણની વિજળીની લાઈનો પસાર થતી હોય તો જે વિજળી લાઈનોની બન્ને બાજુએ મધ્યતારથી ૩ મીટરનું હોરીજેન્ટલ અંતર છોડી બાંધકામ કરાવનું રહેશે.સદરહું વીજળી લાઈનોની બંન્ને બાજુએ ૩–૩ મીટરનાં અંતરની જમીનમાં કોઈપણ જાતનું બાંધકામ કરવું નહી.વિશેષમાં ઈલેકટ્રીક રુલ્સ–૧૯૫૬ મુજબ અંતર રાખી બાંધકામ કરવા માટે નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી (રુરલ) ગુ.વિ.બોર્ડ–અંકલેશ્વર સાથે પરામર્શ કર્યાનુસાર અપાતી અંતર લગત બાંધકામ પરમીશન મુજબ બાંધકામ કરવાનું રહેશે.

(૧૭) ડીવીઝનલ રેલ્વે મેનેજરશ્રી (વર્કસ) વડોદરાના ઉપરોક્ત તા. ૨–૧–૦૪ નાં પત્રમાં જણાવેલ શરત નં. ૧ થી ૧૪ નો ચુસ્તપણે અમલ કરવા બંધાયેલા રહેશે.

(૧૮) સદર પરવાનગી હુકમ હેઠળ જે જે ખાતાઓની જો પરવાનગી લેવાની થતી હોય તો તે નિયમ મુજબ મેળવવાની જવાબદારી અરજદારશ્રીની રહેશે.

(૧૯) સદર હુકમની તારીખથી અપીલની મુદૃત પુરી થયે સનંદ 'એમ' નમુનામાં મેળવી તેમાં જણાવેલ તમામ શરતોનું પાલન કરવાનું રહેશે.

(૨૦) કબજેદારશ્રી/અરજદારશ્રીએ સામેલ પરિશિષ્ટ મુજબની તમામ રકમ ભરપાઈ કરી હોય,પરંતુ પ્રતિવર્ષે થતા વખતો વખતનાં ફેરફારને આધિન રહીને વેરાઓ ભરપાઈ કરવાનાં રહેશે.

(૨૧) આ અગાઉ આમુખ–૧ થી અપાયેલ પરવાનગીનાં હુકમની અન્ય શરતો યથાવત રહેશે.અને તેનું પાલન કરવાનું રહેશે.

કબજેદારશ્રી/અરજદારશ્રી ઉપરોકત તમામ શરતો પૈકી કોઈપણ શરતનો ભંગ કરશે તો જમીન મહેસુલ કાનૂન હેઠળ તેઓ જે કોઈ દંડને પાત્ર ઠરશે.તેને બાધ આવ્યા સિવાય જિલ્લા વિકાસ અધિકારીશ્રી ભરૂચ તેઓને જે ફરમાવવું યોગ્ય લાગે તે મુજબ ફરમાવી શકશે.અને તેનુ સંપુર્ણપાલન કરવા બંધાયેલા રહેશે.કોઈપણ શરતનો ભંગ થયેથી આપવામાં આવેલ પરવાનગી રદ કરવામાં આવશે. તેમજ સબંધિત કબજેદારશ્રી / અરજદારશ્રીને સદર હું જમીન ઉપરથી કોઈપણ જાતનું વળતર મેળવ્યા સિવાય સંક્ષિપ્ત રીતે દુર કરવામાં આવશે.

હુકમની નોંધ સબંધિત રેકર્ડમાં તલાટી કમ મંત્રીશ્રી/તાલુકા વિકાસ અધિકારીશ્રી અંકલેશ્વરે કરવાની રહેશે.

સચિવ
અને
જીલ્લા વિકાસ અધિકારી
જીલ્લા પંચાયત, ભરૂચ

રજી.પો.એ.ડી.થી

પ્રતિ,
ધી બ્રાઈટબાર મેન્યુ કું.લી.
ઠે. જુના નેશનલ હાઈવે નં.૮,વાલીયા ચોકડી સામે,
પીરામણ,તા. અંકલેશ્વર
૨/- મંજુર કરેલ નકશાની પ્રત સહિત.

નકલ રવાના:-

(૧) તાલુકા વિકાસ અધિકારીશ્રી,તાલુકા પંચાયત અંકલેશ્વર તરફ સાધનિક કાગળો સહિત જાણ તથા અમલ સારુ.
(૨) તલાટી કમ મંત્રીશ્રી ગ્રામ પંચાયત પીરામણ તા.અંકલેશ્વર તરફ જાણ તથા સબંધિત કાગળો સહિત અમલ સારુ તથા અપીલની મુદ્દત પુરી થયે નિયત નમુનામાં સનંદ ફોર્મ ભરી તા.વિ.અ.શ્રી અંકલેશ્વર મારફતે રજુ કરવા સારુ.

નકલ જયભારતસહ રવાના:-

(૧) કલેકટરશ્રી,મુ.પો.ભરૂચ તરફ.
(૨) નાયબ કલેકટરશ્રી,મુ.પો.અંકલેશ્વર તરફ.
(૩) જિલ્લા નિરીક્ષકશ્રી,જમીન દફતર ભરૂચ તરફ.
(૪) નગર નિયોજકશ્રી,ભરૂચ તરફ.
(૫) કાર્યપાલક ઈજનેરશ્રી,(મા.અને મ.) વિભાગ,ભરૂચ તરફ.
(૬) મામલતદારશ્રી અંકલેશ્વર તરફ.
(૭) કાર્યપાલક ઈજનેરશ્રી, (રૂરલ) ગુ.વિ.બોર્ડ અંકલેશ્વર
(૮) ડીવીઝનલ રેલ્વે મેનેજરશ્રી (વર્કસ) પ્રતાપનગર, મુ.પો.વડોદરા તરફ.

પ રિ શિ ષ્ટ

રીવાઈઝડ પ્લાન મંજુર કરવા બાબત.

બીનખેતીનો આકાર તથા અન્ય વેરા ઠરાવવા/વસુલાત કરવા અંગેની વિગત દર્શાવતું પત્રક.

બીનખેતી પરવાનગી આપેલ જમીનની વિગત.				બીનખેતી પરવાનગી આપેલ જમીનનું ક્ષેત્રફળ ચો.મી.	કેવા પ્રકારનો બીનખેતીનો ઉપયોગ છે તે વિગત	નિયમ મુજબ લેવાના બીન ખેતી આકાર નો દર	વસુલ કર-ખેતી આકાર ની કુલ રકમ રૂા. પૈસા.	રુપાંતર વેરો લેવાનો થતો હોયતો તેની વિગત રૂા. પૈસા	શિક્ષણવેરો લેવાનો થતો હોય તો તેની રકમ રૂા. પૈસા.	અન્ય કોઈ વેરો વસુલ કરવાનો હોય તો તેની રકમ રૂા. પૈસા.	કોલમ-૪,૬ ૭ નાં વેરા કઈ તારીખ થી લેવાના છે.
મોજે : તાલુકો.	સ.નં./ બ્લોક નંબર.	ક્ષેત્રફળ હે.આ.પ્રઆ.	કબજેદારશ્રીનું નામ/ સરનામું.								
૧.૧	૧.૨	૧.૩	૧.૪	૨.૧	૨.૨	૩	૪	૫	૬	૭	૮
પીરામણ તા.અંકલેશ્વર	સ.નં. ૨૦૧/૧-અ	૨૪૨૮૧ ચો.મી. ૧-૩૯-૪૫	ધી બ્રાઈટબાર મેન્યુ કું.લી. ઠે.જુના નેશનલ હાઈવે નં.૮ વાલીયા ચોકડી સામે, પીરામણ,તા.અંકલેશ્વર.	કુલ-૨૪૨૮૧ ચો.મી.	રહેણાંકનાં મકાનો, ઓફિસ, શોપ્સ બનાવવાનાં હેતુ માટે.	૧ ચો.મી.ના ૦-૫૦ પૈસા	રૂા.૧૨,૧૪૨/-	રૂા.૧,૧૦,૩૬૬/-	નિયમ મુજબ	નિયમ મુજબ	સને ૨૦૦૩ ૨૦૦૪ ના વર્ષથી.

જીલ્લા વિકાસ અધિકારી
જીલ્લા પંચાયત, ભરૂચ

(જીલ્લા પંચાયત કચેરી, ભરૂચ — stamp)

૨૬

ભરૂચ અંક્લેશ્વર શહેરી વિકાસ સત્તામંડળ, ભરૂચ

જુની કલેક્ટર કચેરી, કણબીવગા, ભરૂચ

ફોન નં.(૦૨૬૪૨)૨૨૨૦૭૫/૨૨૨૦૭૪/૨૨૨૦૭૩

ફેક્સ નં.૨૨૨૦૭૬Email:ceo.bauda@gmail.com

ક્રમાંક:બૌડા/ફાયર-અભિપ્રાય/વશી/૨૦૨૧/૨૯૭૨ થી ૨૯૭૩ તા.૦૯/૧૨/૨૦૨૧

<u>ફા.નં:-૧૪૩૬</u>

પ્રતિ,
રીજનલ ફાયર ઓફીસરશ્રી,
બારડોલી ફાયર સ્ટેશન,
રામજી મંદિર પાછળ,
બારડોલી.

વિષય :- **ગુજરાત ફાયર પ્રિવેન્શન એન્ડ લાઇફ સેફ્ટી મેજર એક્ટ અન્વયે એન.ઓ.સી./અભિપ્રાય આપવા બાબત.**
મોજે.ભરૂચ,તા.જી.ભરૂચ, વોર્ડ નં-૨, સી.સ.નં-૫૦૦, ક્ષેત્રફળ :- ૪૦૩૬.૦૦ ચો.મી. વાળી જમીનમાં.

સંદર્ભ :- અરજદારશ્રી કિરણ કૃષ્ણકાંત મજુમુદાર તા.૩૦/૧૦/૨૦૨૧ ની અરજી

જયભારત સહ ઉપરોક્ત વિષય અંગે જણાવવાનુ કે અરજદારશ્રી કિરણ કૃષ્ણકાંત મજુમુદાર દ્વારા મોજે.ભરૂચ,તા.જી.ભરૂચ, વોર્ડ નં-૨, સી.સ.નં-૫૦૦, ક્ષેત્રફળ :- ૪૦૩૬.૦૦ ચો.મી. વાળી જમીનમાં વાણિજ્યના હેતુ માટે અત્રેની કચેરીએ બાંધકામ પરવાનગી મેળવવા બાબતની અરજી કરેલ છે. આ કામે ગુજરાત ફાયર પ્રિવેન્શન એન્ડ લાઇફ સેફ્ટી મેજર એક્ટ અન્વયે એન.ઓ.સી. બાબતે આપશ્રીનો જરૂરી અભિપ્રાય આપવા વિનંતી. ત્યારબાદ અરજદારશ્રીએ માંગેલ બાંધકામ પરવાનગી બાબત આગળની કાર્યવાહી કરવાની થાય. આ સાથે પરવાનગી અર્થે રજુ થયેલ નકશાનો સેટ સામેલ છે.

બિડાણ :- ઉપર મુજબ

(જે. ડી. પટેલ)
મુખ્ય કારોબારી અધિકારી
ભરૂચ-અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળ
ભરૂચ

- નકલ રવાના:-
  અરજદારશ્રી કિરણ કૃષ્ણકાંત મજુમુદાર, રહે.સી-૯૩૪, કેસુર મામા ચોક, લલ્લુભાઇ ચકલા, સહજાનંદ ડેરી પાસે, ભરૂચ તરફે જાણ સારૂ.

2903